દિવ્ય ભાસ્કર

( પાટણ ભાસ્કર)

પાન નંબર : ૨ તારીખ : ૦૬/૦૭/૨૦૧૯ શનિવાર

# સિદ્ધપુર યુનિ.માં કેમ્પસમા 5000 વૃક્ષો રોપયા



સિદ્ધપુર : રથયાત્રાના પાવન દિવસે ગોકુલ ગ્લોબલ યૂનિવર્સિટીનાં કેમ્પસમાં ચેરમેન બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં પ્રકૃતિને સમૃદ્ધ બનાવાવા તેમજ યુનિવર્સિટીને હરિયાળી બનાવાવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં કોલેજ સ્ટાફના કર્મચારીઓ અને તમામ કોલેજનાં પ્રિન્સિપલ શિક્ષક ગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ગણ અને ફોરેસ્ટ વિભાગનાં અધિકારીઓ દ્વારા વૃક્ષો વાવી પ્રકૃતિનું જતન કરવાનો સંકલ્પ કરાયો હતો. આ વૃક્ષા રોપન કાર્યક્રમમાં 5000 અલગ અલગ જાતના ફળ. ફળાદી, ફૂલો, હર્બલ રોપા રોપવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર

( પાટણ ભાસ્કર)

પાન નંબર : ૨ તારીખ : ૦૧/૦૯/૨૦૧૯ રવિવાર

# સિદ્ધપુર ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટીમાં વૃક્ષારોપણ



સિદ્ધપુર : સિધ્ધપુર ગોકુલ ગ્લોબલ યુનીવર્સીટી ખાતે 'અમન એકતા હરિયાળી યાત્રા 'અંતર્ગત વૃક્ષારોપણ કરાયું. પરમાર્થ નિકેતન આશ્રમ ઋષિકેશના અધ્યક્ષ સ્વામી ચિદાનંદજી સરસ્વતીજી, જમિયતે ઉલમા એ હિન્દના મહાસચિવ મૌલાના સૈયદમહમુદ અસહદ મદની, જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂતે પ્રેરક પ્રવચનો કર્યા હતા. જીલ્લા પંચાયતના પ્રમુખ વિનુભાઈ પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લીમ સમાજના લોકો, યુનિ.નો સ્ટાફ, વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

• રશ્મિન દવે

સનસનાટી
પાન નંબર : ૫ તારીખ : ૧૫/૦૬/૨૦૨૧ મંગળવાર

# ગોકુલ ગ્લોબલ યુનીંવર્સીટી ખાતે વૃક્ષારોપણ યોજાયું



૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ નીમીત્તે ગોકુલ ગ્લોબલ યુનીં. અને મીશન ગ્રીન પાટણ ના સંયુક્ત ઉપક્રમે ગોકુલ ગ્લોબલ યુનીં. માં બલવંતસિંહ રાજપુતના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનીં. ના કુલપતિ વેદ વ્યાસ ત્રિવેદી, રજીસ્ટ્રાર હેમુજી રાજપુત, યુનીં. ના પ્રિન્સીપાલશ્રીઓ, સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ પ્રસંગે બલવંતસિંહ રાજપૂતે પોતાના સંદેશામાં જણાવ્યું હતું કે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરી આસપાસના વિસ્તારો હરીયાળા બનાવવા જોઈએ.